# ડીસામાં ભયંકર ગરમી વચ્ચે દાતાઓ દ્વારા ઠેર ઠેર ઠંડા પાણીની પરબો શરૂ


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૮

ડીસા શહેરમાં કાળઝાળ ગરમી વચ્ચે લોકો ત્રાહીમામ પોકારી રહ્યા છે. પરસેવો પડાવતી ગરમીમાં તરસ બુઝાવવા માટે વારંવાર પાણીની જરૂર પડે છે. જોકે ઠંડા પીણાના સ્ટોલ અને પાર્લર પર વેચાતા પાઉચ અને ઠંડા પાણીની બોટલોનો પણ ભાવ વધી જતા શહેરમાં ખરીદી અર્થે આવતા ગરીબ અને મધ્યમને પાઉચ અને બોટલો પરવડતી ન હોવાથી પીવાના પાણીની સમસ્યા વેઠવી ન પડે. તે માટે દાતાઓ અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા શહેરમાં ઠેરઠેર પાણીની પરબો શરૂ કરવામાં આવી છે. જેનો મોટી સંખ્યામાં લોકો લઈ રહ્યા છે.

ડીસા શહેરમાં આગ ઓકતી ગરમી અને ગરમ લ્હાય લુ વચ્ચે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. સવારે ૯ વાગ્યાથી લઈ સાંજે છ વાગ્યા સુધી ગરમીનો પ્રકોપ પ્રવર્તે છે. આવી ગરમીમાં લોકોને પીવાનું ઠંડુ પાણી મળી રહે તે માટે શહેરના સેવાભાવી દાતાઓ આગળ આવ્યાછે. શહેરના મામલતદાર રોડ, ગાયત્રી મંદિર, જલારામ મંદિર, મેઈન બજાર, પાટણ-ડીસા હાઈવે રોડ સહીતના કેટલાક વિસ્તારોમાં લોકો માટે મીનરલ વોટરની પરબો શરૂ કરવામાં આવી છે. જ્યારે અન્ય વિસ્તારોમાં માટલા મુકી પરબો શરૂ કરવામાં આવી છે. જો કે ગયા વર્ષે જલારામ સેવા મંડળ દ્વારા જલારામ મંદિર પાસે ઠંડી છાસની પરબ શરૂ કરવામાં આવી હતી પરંતુ કેટલાક લોકો દ્વારા બોટલો ભરીને છાસ ઘરે લઈ જવાનુ શરૂ કરાતા આ વર્ષે છાસની પરબ આ વખતે બંધ કરવામાં આવી છે.

# ધાનેરા નજીક પોલીસે ૧૧ ટ્રકમાંથી ૧૩૯ પશુ કતલખાને લઈ જતા બચાવ્યા : અંદાજીત ૩૬ વિરૂધ્ધ કાર્યવાહી

ડીસા, તા. ૨૮

ધાનેરા નજીક વહેલી પરોઢે ધાનેરા પોલીસે ૧૧ ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૧૩૯ પશુઓને બચાવી લીધા હતા. પશુઓને કતલખાને લઈ જતા ૩૩ શખ્સની ધરપકડ કરી ૧૧ ટ્રકો સહિત લાખોનો મુદ્દામાલ કબજે લવાયો હતો. જયારે પશુઓને ધાનેરા નજીકના ટેટોડા ખાતે આવેલી રાજારામ ગૌશાળા ખાતે સારવાર અને આશ્રય માટે મોકલી અપાયા હતા પોલીસની પ્રાથમિક તપાસમાં આ તમામ બાળકો બોગસ ખેડૂતો ઉભા કરી પશુ મેળામાંથી ખરીદી કરી કતલખાને લઈ જવાતા હતા.

બનાસકાંઠાના ધાનેરા નજીક આજે વહેલી સવારે બાતમીને આધારે ધાનેરા પોલીસ દ્વારા નાકાબંધી અને વોચ બાદ ૧૧ ટ્રકો પશુ હેરાફેરી ના કામે ઝડપાઈ છે આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર બાતમીને આધારે પીઆઈ જે.ડી. સુતરીયા તેમજ સ્ટાફ પાસે સવારે ૩.૩૦ કલાકે વોચ ગોઠવી હતી આ સમયે રાજસ્થાનના સાંચોર તરફથી એક બાદ એક એમ કુલ ૧૧ ટ્રકો બળદ ભરી આવી હતી. જેને પોલીસે રોકી તલાશી લેતા ખોરાક કે પાણીની વ્યવસ્થા કર્યા વગર દોરડા વડે પશુઓને મરણતોલ હાલતમાં ભરી રખાયેલા હોવાનું જણાયું હતું. આ તમામ નાની મોટી ઉંમરના બળદો હતા આ પશુઓને રાજસ્થાનના સાંચોર ખાતે યોજાયેલ પશુ મેળામાંથી બોગસ ખેડૂતો ઉભા કરી સાથે રાખી કસાઈઓ દ્વારા કતલખાને લઈ જવાતા હોવાનું પોલીસ તપાસમાં ખુલેલ છે. તો વળી, મોટા ભાગનાં ઝડપાયેલા અંદાજીત ૩૬ જેટલા આરોપીઓમાં મોટા ભાગના સિદ્ધપુર અને મોડાસા આજુબાજુના જાણીતા પોલીસ દફતરે અનેકો વખત ઝડપાયેલા કસાઈ હતા તેવું તપાસ ધાનેરા પી.આઈ. અને આ કેસના તપાસ અમલદાર જે.ડી. સુતરીયાની તપાસમાં સ્પષ્ટ બહાર આવેલ છે. તો વળી આ કસાઈઓના કબજામાંથી છોડાવેલા અબોલ બળદોને પોલીસે સારવાર અને આશ્રય માટે રાજારામ ગૌશાળા ટેટોડા ખાતે ખસેડતા ૪ જેટલા પશુઓની ક્રુરતા પૂર્વક ખસી કરી હોવાનું અને તે ઘાવમાંથી પશુન લોહી પડવું અને જીવાત પડેલ હોવાનું પણ ગૌશાળાના તબીબ ડૉ. સુજાનભાઈ અને સંચાલકે જણાવતા આ કસાઈઓ આવા અબોલ પશુઓ સાથે વધારે રકમ મળે તેની લાહ્યમાં કેવો અત્યાચાર કરે છે તે હકીકત બહાર આવેલ છે.

જયારે પશુઓને કતલખાને લઈ જતાં અંદાજીત ૩૬ જેટલા શકમંદ આરોપીઓ સામે પશુ ક્રુરતા અધિનિયમની કલમ ૧૧, અ, ઘ, ચ, દ તેમજ ગુજરાત એનીમલ એકટની કલમ ૫, ૬, ૮ મુજબ ગુનો દાખલ કરી ૧૧ ટ્રકની કિંમત રૂ. ૫૪ લાખ અને પશુની કિંમત રૂ. ચાર લાખ સત્તર હજાર સહીત કુલ ૫૮.૧૭ લાખનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કર્યો હતો. આમ બોગસ ખેડૂતો અને બનાવટી ખેડૂત દસ્તાવેજો સાથે રાખી એકમાત્ર અબોલ પશુઓને યેન કેન રીતે કતલખાને લઈ જતા કસાઈઓના મસ મોટા ગુનાહિત નેટવર્કનો ધાનેરા પોલીસે પર્દાફાશ કરતા આવા તત્વોમાં ફફડાટ વ્યાપેલ છે.

# સાબરકાંઠામાં કોંગ્રેસ જંગી મતોથી વિજયી બને એવા સમીકરણો

તલોદ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવાર શંકરસિંહ વાઘેલા છે જયારે ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ છે. તેમજ બીજા પક્ષના અને અપક્ષ ઉમેદવાર પણ ચૂંટણી મેદાનમાં લડી રહ્યા છે.

ચૂંટણીનો પ્રચાર રાજયભરમાં ચરમ સીમાએ પહોંચી ગયો છે. જે છેલ્લે હવે અંતિમ અને આખરી તબક્કામાં થી પસાર થઈ રહ્યો છે અને વિપક્ષ એવા કોંગ્રેસના ઉમેદવારો લેખા જોખાં સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા સહિતના મતદારો કરી રહ્યા છે. તેમ કરીને ઉમેદવારોની ક્ષમતાનું માપદંડ કાઢીને શાણા મતદારો મતદાનનું ઘાતક હથિયાર જાણે કે ઘસી ઘસીને તૈયાર કરીને બેસી રહ્યા છે. મતદારો પોતાનું મન કળવા દેતા નથી પરંતુ પ્રજાની સેવા સુવિધાઓ જેઓના શાસનકાળમાં છિનવાઈ ગઈ અને પ્રજાની વદનાને તે પ્રતિનિધિઓ સફળ વાચા આપવામાં ઉણા ઉતર્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. તેવા ઉમેદવારોને કોઈ પણ સંજોગે મત નહીં આપવાનો અડગ નિરાધારા સજાગ મતદારો લઈ રહ્યા છે. તેવા મતદારો તલોદ તાલુકામાં હજારોની સંખ્યામાં હોવાનું મનાઈ રહ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં લોકસભાની આગામી ચૂંટણી ૩૦મી એ થનાર છે તેમાં કોંગ્રેસનું પલ્લુ ભારે લાગી રહ્યું છે જેમાં વિજયના પથે પગ માંડશે તેમ મનાઈ રહ્યું છે.


હિંમતનગર ભાજપ મય બન્યું - સાબરકાંઠા લોકસભા અને હિંમતનગર વિધાનસભાની ચુંટણી પ્રચારના અંતિમ તબક્કામાં હિંમતનગરમાં ભાજપ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો બાઈક લઈને રેલીમાં જોડાયા હતા. લોકસભાના ભાજપા ઉમેદવાર દિપસિંહ રાઠોડ અને હિંમતનગર વિધાનસભાના ભાજપના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાને લોકોનું ભારે જનસમર્થન સાંપડી રહ્યું છે. સમગ્ર હિંમતનગર શહેર અને તાલુકો ભાજપમય બની કેશરીયા રંગથી રંગાઈ ગયો છે. (તસવીર : મગનજી વણઝારા)

# પાટણ ખાતે કોંગ્રેસના ઉમેદવારનો રોડ શો યોજાયો


(તસવીર : ચેતન રામી, પાટણ)

પાટણ, તા. ૨૮

લોકસભાની ચૂંટણીને હવે માત્ર ૪૮ કલાક બાકી રહ્યા છે ત્યારે રાજકીય-બિનરાજકીય તેમજ ત્રીજા મોરચાની પાર્ટી અને અપક્ષ ઉમેદવારો દ્વારા રેલી અને પ્રચાર પ્રસારના ધમધમાટનો ગરમાવો હવે ધીમે ધીમે રંગ પકડી રહ્યો છે ત્યારે પાટણ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના માધંતા ઉમેદવાર ભાવસિંહ રાઠોડને જંગી બહુમતીથી જીતાડવા માટે આજે કોંગ્રેસના અગ્રણી કાર્યકરો-આગેવાનો અને સમર્થકો દ્વારા આજે શહેરના કનસડા દરવાજા નજીક આવેલ વિઠ્ઠલ ચેમ્બર્સ ખાતેથી એક વિશાળ રોડ શો યોજાયો હતો. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ દેસાઈ, પાટણ શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠક્કર, મહિલા કોંગ્રેસ આગેવાનો સહિત કોંગ્રેસની તમામ પાંખો અને ભાવસિંહ રાઠોડને જીતાડવા તેમના અન્ય શહોરના ઉદ્યોગપતિ સમર્થકો આ રોડ શો માં જોડાયા હતા. ત્યારે આ રોડ શો શહેરના વિવિધ માર્ગો પર ફરી કોંગ્રેસનો જોરશોરથી પ્રચાર પ્રસાર કરતા સમગ્ર માર્ગો પર જાણે પંજો ફરી વળ્યો હોય તેવો માહોલ સર્જાવા પામ્યો હતો.

# પ્રાંતિજમાં રામદેવના પૂતળાનું દહન

પ્રાંતિજ, તા. ૨૮

ઢોંગી રામદેવ દ્વારા કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ઉપર અભદ્ર ટીપ્પણી કરવામાં આવતા અને તેમાંય દલિત સમાજ પર કરેલા નિવેદન અને ટીપ્પણી સામે સમગ્ર ગુજરાતની સાથો સાથ સાબરકાંઠાના પ્રાંતિજના દલિત સમાજમાં આ સંદર્ભે ઉગ્ર આક્રોશ જોવા મળ્યો છે. રામદેવના વાણી વિલાસના બકવાસ સામે પ્રાંતિજના દલિત સમાજ દ્વારા મોઢા પર કાળી પટ્ટી લગાવી વિરોધ પ્રદર્શિત કરી રેલી કાઢવામાં આવી હતી. અને તેના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. બાદમાં મામલતદારને વિરોધ દર્શાવતુ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં કેશવભાઈ રાઠોડ, રેખાબેન પરમાર, મનહર પેન્ટર સહિતના અસંખ્ય કાર્યકરો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# ડીસામાં રામદેવ સામે ધગધગતો રોષ

ડીસા, તા. ૨૮

યોગગુરૂ રામદેવે રાહુલ ગાંધી અને દલિત સમાજ વિશે કરેલી અયોગ્ય ટીપ્પણીના વિરોધમાં ડીસા સહીત બનાસકાંઠા દલિત સમાજે રામદેવ હાય હાય..ના નારા સાથે રેલી કાઢી હતી અને રામદેવની ધરપકડની માંગ સાથે ડીસાના નાયબ કલેક્ટરને આવેદન પત્ર આપતા મામલો ગરમાયો છે.

આ અંગેની વિગતો જોતા લખનૌની સભામાં રામદેવ દ્વારા દલિત સમાજ અંગે કરેલ અભદ્ર ટીપ્પણીનાં ઘેરા પ્રત્યાઘાત દેશભરમાં પડ્યા છે. જેના ભાગરૂપે આજે બનાસકાંઠા દલિત સંગઠનનાં આગેવાનો પાલનપુર અને ડીસા ખાતે એકત્રિત થઈ રેલી કાઢી રામદેવનો વિરોધ વ્યક્ત કરી બાબાની ધરપકડ કરવાની માગ કરતુ આવેદનપત્ર ડીસાના નાયબ કલેક્ટર અને નાયબ ચૂંટણી અધિકારીને સુપ્રત કર્યુ હતું.

આ મામલે બનાસકાંઠા દલિત સંગઠન પ્રમુખ દ્વારા બળદેવભાઈ પંડ્યા દ્વારા જાહેર કરાયું હતું કે 'યોગ ગુરુ રામદેવ દ્વારા લખનૌ સભામાં દલિત સમાજની સ્ત્રીઓ અંગે કરેલ અભદ્ર ટીપ્પણીનો દેશભરનાં દલિતો ન્યાયિક વિરોધ કરી રહ્યા છે. તેમને વધુમાં જણાવ્યું હતું કે, રામદેવે આ અભદ્ર ટીપ્પણી કરી દેશનાં તમામ દલિતોની લાગણીને ઠેસ પહોંચાડી છે. તથા જાહેરમાં દલિત સ્ત્રીઓ અંગે ટીપ્પણી કરી તેઓની માનસિક વિકૃતિનો પરચો બતાવ્યો છે. અને તેઓનાં આ દુર્ભાગ્યપૂર્ણ ભાષણથી બનાસકાંઠા જિલ્લાભરનાં દલિતોની લાગણી દુભાયેલ છે. જેથી ભારતભરના સંતો-મહંતો દ્વારા આ પાખંડી અને બનાવટી સાધુ રામદેવને સંત સમાજમાંથી બરતરફ કરવામાં આવે તેવી પણ અમારી ન્યાયિક માંગ છે, તેવું તેમને જણાવ્યું હતું. જ્યારે બીજી તરફ આ મામલે દલિત સેના બનાસકાંઠા દ્વારા તેમની સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવે અને તેઓની તાત્કાલિક ધરપકડ કરવાની માગ કરવામાં આવી છે. દલિત સેના બનાસકાંઠા આજે વિરોધ વ્યક્ત કરી રામદેવની ધરપકડ કરવાની માગ કરતુ આવેદનપત્ર ડીસાના નાયબ ચૂંટણી અધિકારીને સુપ્રત કરવામાં આવ્યું છે.

# ગઢડા શામળાજી મંદિરમાં તસ્કરો ત્રાટક્યા : રૂ. ૧૯ હજારની ચોરી

## દાનપેટીની રકમ, છત્ર તથા દંડ સહીતની ચોરી

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી મંદિરમાં કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કરી રૂ. ૧૯ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ જવાના બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી મંદિરમાં રવિવારના મધ્યરાત્રીએ મંદિરના પાછળના ભાગમાં આવેલ દરવાજો તોડી મંદિરમાં પ્રવેશ કરી ગર્ભગૃહમાં મુકેલ દાનપેટીમાંથી અંદાજે રૂ. ૧૨ હજાર, પંચધાતુનુ છત્ર રૂ. ૫ હજાર તથા ભગવાનનો પંચધાતુનો દંડ રૂ. ૨ હજાર મળી કુલ રૂ. ૧૯ હજારની મત્તાની ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. આ અંગે મંદિરના મેનેજર અશ્વિનકુમાર ચંપકલાલ રાવલે અજાણ્યા ત્રણ ચોર ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. જી.કે. વડસરાની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# પાટણમાં ગુજરાતી અભિનેત્રી કોમલ ઠક્કરનો રોડ શો યોજાયો


(તસવીર : ચેતન રામી, પાટણ)

પાટણ, તા. ૨૮

આગામી ૩૦ એપ્રિલના રોજ ઉગતા સૂર્યના કિરણો સાથે મતદાન પ્રક્રિયા શરૂ થશે ત્યારે પાટણ લોકસભા બેઠકને અંક કરવા ભાજપ-કોંગ્રેસ અને ત્રીજા મોરચાની પાર્ટી અને અપક્ષ ઉમેદવારો દ્વારા રેલી અને પ્રચાર-પ્રસારના ધમધમાટનો ગરમાવો અને રંગ હવે ચરમસીમાએ પહોંચ્યો છે ત્યારે આજે સાંજે છ કલાકે ચૂંટણી પ્રચારના પડધમ શાંત થઈ જશે ત્યારે તેના ભાગરૂપે આજે પાટણ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર લીલાધરભાઈ વાઘેલાએ જંગી બહુમતીથી જીતાડવા માટે આજે ગુજરાતી ચલચિત્રની અભિનેત્રી કોમલ ઠક્કર અને ભાજપના આગેવાનો સમર્થકો દ્વારા રેલવે સ્ટેશન ખાતેથી એક રોડ શો નું આયોજન કરવામાં આવ્યું હતુ ત્યારે ગુજરાતી ફિલ્મ અભિનેત્રી કોમલ ઠક્કરે ખુલ્લી જીપમાં ભાજપને જીતાડવા લોકોને આહ્વાન કર્યુ હતું. આ રોડ શો રેલવે સ્ટેશનથી પ્રસ્થાન પામી રાજમહેલ રોડ, યુનિવર્સિટી, ટીબી ત્રણ રસ્તા થઈ શહેરના વિવિધ માર્ગો પર થઈ ભાજપને જીતાડવા જોરશોરથી પ્રચાર-પ્રસાર કર્યો હતો. આ રેલીમાં પાટણ શહેર ભાજપ પ્રમુખ મનોજ પટેલ, પાલિકા પ્રમુખ હેમંત તન્ના, શૈલેષ પટેલ, કિશોર મહેશ્વરી, રોહિત પટેલ સહિત અન્ય અગ્રણી કાર્યકરો અને ભાજપની મહિલા પાંખ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી.

# પ્રાંતિજમાં શંકરસિંહની સભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લા સહિત ચૂંટણી પ્રચાર છેલ્લી ઘડીનો સમય બાકી છે ત્યારે કોંગ્રેસના મજબુત બીઠબળ નેતા કે જે સાબરકાઠા લોકસભાના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાની જુદા જુદા સ્થળોએ જાહેર સભા યોજાઈ હતી.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેશન ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા કોંગ્રેસના સાબરકાંઠાના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા તલોદ પ્રાંતિજના રવિવારના રોજ ચૂંટણી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જગદીશ ઠાકોર સહિત તાલુકાના કોંગ્રેસના કાર્યકરો, આગેવાનો જાહેર સભામાં જોડાયા હતા. જો કે સાબરકાંઠાની આ સીટ પર શંકરસિંહનું નામ જાહેર થતા તે દિવસથી શંકરસિંહનું નામ ચર્ચામાં રહ્યું છે. તેમના લોક સંપર્કમાં મોટી જન મેદની આવી રહી છે અને કોંગ્રેસના રંગમાં રંગાઈ રહી છે.

# ધાનેરામાં ભાજપનો ભવ્ય રોડ શો

પ્રચારના અંતિમ તબક્કામાં આજે ધાનેરા ખાતે ભાજપના ઉમેદવાર


(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

હરિભાઈ ચૌધરીનો ભવ્ય રોડ શો યોજાયો હતો.

ધાનેરાના જાહેર માર્ગો, સોસાયટીઓમાં બાઈકો, કારો, ખુલ્લી જીપમાં હરિભાઈ ચૌધરી મતદારોનુ અભિવાદન ઝીલતા હતા.

કેસરી ટોપી, કમળની ધજાઓથી સમગ્ર શહેરમાં કેસરીયો છવાયો હતો. ધાનેરા શહેર-તાલુકા ભાજપ અગ્રણીજનો હરજીવન પટેલ, વસંત પુરોહીત, પૂર્વ પાલીકા પ્રમુખ ખંડેલવાલબેન સહીત હજારો કાર્યકરો, ખેડૂતો, ધાનેરાવાસીઓને ન.મો. ને વડાપ્રધાન બનાવવા ભાજપને મત આપવા ૧૦૦ ટકા મતદાન કરવા અપીલ કરી હતી. કાળઝાળ ગરમીમાં ઠેર ઠેર ટ્રાફીક જામના દશ્યો સર્જાયા હતા. (તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧